# <u>ખંભાત નગરપાલિકા,ખંભાત</u>
## <u>એજન્ડા નોટીસ</u>

**તારીખ.૨૯–૧૦–૨૦૨૦ ને ગુરૂવારના રોજ સાંજના ૪–૩૦ કલાકે સરદાર ટાવર પાસે, સ્થંભતીર્થ કોમ્પલેક્ષ, હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની જનરલ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.**

**(૧) તા.૨૭–૦૭–૨૦૨૦ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.**

**(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત/અવસાન થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.**

| | | |
|---|---|---|
| **(૧)** | **શ્રી ઝીણીબેન દિનેશભાઈ હરીજન** | **નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦** |
| **(૨)** | **શ્રી મોહંમદઆરીફ એ. શેખ** | **નિવૃત્તિ તા.૨૮–૦૨–૨૦૨૧** |

**(૩) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૭૯ તારીખ.૨૯–૦૯–૨૦૨૦ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૩૮ તારીખ.૨૯–૦૯–૨૦૨૦ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.**

**( ૪) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬ (૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકા ના તારીખ. ૦૧–૦૪–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૬–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.**

**( ૫) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬ (૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકા ના તારીખ. ૦૧–૦૭–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૯–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.**

**આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.**

**ખંભાત નગરપાલિકા.** **પ્રમુખ,**

**તારીખ.૨૧–૧૦–૨૦૨૦** **ખંભાત નગરપાલિકા,ખંભાત**

**નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.**

**(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.**

**(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.**

## ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ને ગુરૂવાર ના રોજ સાંજના ૪–૩૦ કલાકે સરદાર ટાવર પાસે, સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ, હોલમાં પ્રમુખશ્રી યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને રાબેતા મુજબની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં હાજરી લેતા નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર છે.

**હાજર સભ્ય શ્રીઓ.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય (લાલાભાઈ) | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ (લાલાભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા ઉર્ફે પ્રકાશ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૭) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | સભ્યશ્રી | હાજર |
| (૨૧) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | ગેર હાજર |
| (૨) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | ગેર હાજર |
| (૩) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | ગેર હાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

ગુજરાત રાજયના પુર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલનું તારીખ. ૨૯–૧૦–૨૦૨૦ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ.

## શોક ઠરાવ

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૩૩ તારીખ.૨૯–૧૦–૨૦૨૦

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના પુર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલ નું તારીખ.૨૯–૧૦–૨૦૨૦ના રોજ નિધન પર ઉંડો શોક વ્યકત કરે છે જેઓ ગુજરાત રાજયની પ્રજાજનોના પ્રિય ''કેશુ બાપા''ના નિધન થી ગુજરાત રાજય ને પુરી ન શકાય તેવી ખોટ પડી છે.

જેઓનો જન્મ તારીખ.૨૪–૦૭–૧૯૨૮ના રોજ ''કોળુભાઈ દેસાઈ'' તરીકે હાલના જુનાગઢ જીલ્લાના ગુજરાતના વિસાવદર શહેરમાં આવેલા લેઉવા પાટીદાર પરિવારમાં થયો હતો કહેવાય રહયું છે કે તેઓનો પરિવાર ખેડા જીલ્લાના નડીયાદમાં આવેલા વસો ગામથી પાટીદારોનું એક ગામ છે જયાં મહેસુલ કારકુનીઓને ''દેસાઈ'' તરીકે ઓળખવામાં આવે છે આ પરિવાર સૌરાષ્ટ્ર સ્થળાંતર થયો હતો.

તેઓ સને. ૧૯૪૦ ના દાયકાથી આર.એસ.એસ.ના સભ્ય, ૧૯૬૦ ના દાયકામાં ભારતીય જનસંઘમાં સને. ૧૯૭૦માં જનતા પાર્ટી અને સને. ૧૯૮૦ થી ભારતીય જનતા પાર્ટી (ભા.જ.પા) ના સભ્ય હતાં.

શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલ રાજકોટ પાલિકા અને બાદમાં રાજકોટ મહાનગર પાલિકામાં ચુંટણી લડીને રાજનીતીની યાત્રાની શરૂઆત કરી હતી જનસંઘના કાર્યકર તરીકે રાજકીય કારકીર્દીની શરૂઆત કરી.

શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલ સને.૧૯૭૫ થી ૨૦૧૨ દરમ્યાન રાજકોટ, ૧૯૭૫માં ગોડંલ, ૧૯૮૦માં કાલાવડ, ૧૯૮૫માં ટંકારા, ૧૯૯૦ માં વિસાવદર (વિધાન સભા મત વિસ્તાર)૧૯૯૫, ૧૯૯૮, ૨૦૧૨ ની વિધાનસભા ચુંટણી જીતી હતી.૧૯૮૦માં જનસંઘનું વિસર્જન કરવામાં આવ્યું ત્યારે તેઓ નવરચિત ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના વરિષ્ઠ આયોજક બન્યા હતા શ્રી કેશુભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલની અધ્યક્ષતામાં ૪ માર્ચ ૧૯૯૦ થી ૨૫ ઓકટોબર ૧૯૯૦ સુધી ગુજરાત રાજયના નાયબ મુખ્યપ્રધાન હતાં.

સને. ૧૯૯૮ની વિધાનસભાની ચુંટણી શ્રી કેશુભાઈ પટેલની આગેવાની હેઠળ ભારતીય જનતા પાર્ટી સત્તા પર પાછા ફર્યા અને ૪ માર્ચ ૧૯૯૮ ના રોજ ફરીથી મુખ્ય પ્રધાન બન્યા હતાં.

ખંભાત નગરપાલિકા શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલના દુ:ખદ નિધન ઉપર ઉંડો શોક વ્યકત કરે છે અને તેમના શોકાતુર પરિવાર પ્રત્યે પોતાની હાર્દિક સંવેદનાઓ વ્યકત કરે છે.

ગુજરાત રાજયના પુર્વ મુખ્ય મંત્રી શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલનું તારીખ. ૨૯–૧૦–૨૦૨૦ના રોજ નિધન થયેલ તે અંગે શોક ઠરાવ મંજુર અને તેઓના પરિવારજનો ને મોકલવા ઠરાવવામાં આવે છે.

''સર્વાનુમતે મંજુર''

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૨૯–૧૦–૨૦૨૦

તારીખ. ૨૭–૦૭–૨૦૨૦ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૪ તારીખ. ૨૯–૧૦–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શંકુતલાબેન બાબુભાઈ રાવળ તરફથી અને સદસ્યશ્રી નગીનભાઈ રતીલાલ મહીડા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ.૨૭–૦૭–૨૦૨૦ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થિત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૨૯–૧૦–૨૦૨૦

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાન થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઝીણીબેન દિનેશભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |
| (૨) | શ્રી મોહંમદઆરીફ એ. શેખ | નિવૃત્તિ તા.૨૮–૦૨–૨૦૨૧ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૫ તારીખ. ૨૯–૧૦–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશભાઈ ગુણવંતલાલ રાણા તરફથી અને સદસ્યશ્રી રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે  કે નીચે જણાવેલ કર્મચારી વય મર્યાદાના કારણે નિવૃત્ત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલા નિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્તિ / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઝીણીબેન દિનેશભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |
| (૨) | શ્રી મોહંમદઆરીફ એ. શેખ | નિવૃત્તિ તા.૨૮–૦૨–૨૦૨૧ |

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૨૯–૧૦–૨૦૨૦

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૭૯ તારીખ.૨૯–૦૯–૨૦૨૦ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૦ તારીખ.૨૯–૦૯–૨૦૨૦ સુધી ના ઠરાવો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૬ તારીખ. ૨૯–૧૦–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા તરફથી અને સદસ્યશ્રી પિન્કીબેન કેતનકુમાર રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૦૭૯ તારીખ.૨૯–૦૯–૨૦૨૦ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૪૦ તારીખ.૨૯–૦૯ ૨૦૨૦ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ નંબર. ૦૭૯ તા.૨૯–૯–૨૦૨૦ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૪૦ તા.૨૯–૯–૨૦૨૦ સુધીના તમામ ઠરાવ નામંજુર કરીએ છીએ સદસ્ય શ્રી ધર્મેન્દ્ર કુમાર તોગાભાઈ ભરવાડના ટેકાથી રજુઆત થયેલ છે તે મુજબ ઠરાવોનો નામંજુર કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૪  તારીખ.૨૯–૧૦–૨૦૨૦

ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૪–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૬–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

**જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૭ તારીખ.૨૯–૧૦–૨૦૨૦**

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી પ્રકાશભાઈ નટવરલાલ પટેલ તરફથી અને સદસ્યશ્રી નગીનભાઈ રતીલાલ મહીડા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ના ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) પેરા નં. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૪–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૬–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

તારીખ.૦૧–૦૪–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૬–૨૦૨૦ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૪/૨૦૨૦ ની ઉઘડતી સિલક | ૨૨૨૭૬૮૨૪૧.૫૦ |
| ૨ | તા.૦૧/૦૪/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૦ સુધીની કુલ આવક | ૯૧૪૪૩૮૧૧.૦૦ |
| ૩ | તા.૦૧/૦૪/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૦ સુધીની કુલ જાવક | ૯૬૮૩૨૮૭૨.૭૨ |
| ૪ | તા.૩૦/૦૬/૨૦૨૦ ની બંધ સિલક | ૨૧૭૩૭૯૧૭૯.૭૮ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૫  તારીખ.૨૯–૧૦–૨૦૨૦

ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૯–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૮ તારીખ.૨૯–૧૦–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી પિન્કીબેન કેતનકુમાર રાણા તરફથી અને સદસ્યશ્રી પરીમલાબેન ભદ્રીકભાઈ શાહ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૦ના ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) પેરા નં. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૯–૨૦૨૦ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

તારીખ.૦૧–૦૭–૨૦૨૦ થી તારીખ.૩૦–૦૯–૨૦૨૦ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૭/૨૦૨૦ ની ઉઘડતી સિલક | ૨૧૭૩૭૯૧૭૯.૭૮ |
| ૨ | તા.૦૧/૦૭/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૦ સુધીની કુલ આવક | ૧૯૨૨૧૬૬૭૮.૦૨ |
| ૩ | તા.૦૧/૦૭/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૦ સુધીની કુલ જાવક | ૨૨૩૩૭૫૮૮૯.૦૦ |
| ૪ | તા.૩૦/૦૯/૨૦૨૦ ની બંધ સિલક | ૧૮૬૨૧૯૯૬૮.૮૦ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

**<u>ચેર આઈટમ નં.૧</u>**

## <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩૯</u>
## <u>તારીખ.૨૯–૧૦–૨૦૨૦</u>

**આથી ઠરાવ કરવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત ગાંધીનગરના પત્ર ક્રમાંક : સભમ / ૧૦૨૦૨૦ / ૨૧૦૨ / એસ.બી.એમ.સેલ/ ૭૬૪ તારીખ.૨૨–૦૯–૨૦૨૦ થી ખંભાત નગરપાલિકાને ODF++ જાહેર કરવા સારૂ ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રાથમિક ઠરાવ કરવાનો થતો હોઈ તે સારૂ નગરપાલિકાના પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી, વોર્ડ કાઉન્સિલર, SHG નાગરિક સમુહો, ડી સ્લર્જીંગ ઓપરેટરના ડિકલેરશન મેળવવામાં આવેલ, જેથી ખંભાત નગરપાલિકાને ODF++ નગરપાલિકા જાહેર કરવા સારૂ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સબબ આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.**

**"સર્વાનુમતે મંજુર"**

**સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

ચેર આઈટમ નં.૨

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૦

## તારીખ.૨૯–૧૦–૨૦૨૦

આથી ઠરાવ કરવામાં આવે છે કે આગામી દિવાળી તથા નૂતન વર્ષના તહેવાર પ્રસંગે ખંભાત શહેરના પ્રજાજનો ને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છાની જાહેરાત આપવા બાબતે ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી તથા ચીફ ઓફીસરશ્રી નો રીપોર્ટ વંચાણે લેતા તેમાં જણાવેલ દૈનીક પેપર તથા સાપ્તાહીક પેપરમાં તથા ઈલેકટ્રોનીક મીડીયા લાઈવ ટી.વી. ધ્વારા શુભેચ્છા જાહેરાત સરકારશ્રીની કોવીડ–૧૯ની ગાઈડ લાઈન મુજબ માસ્ક પહેરવા, વારંવાર હાથ ધોવા વિગેરેની જાહેરાત આપવા માટે આ અંગે આગળની તમામ કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત